सत्यमेव जयते

| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | ૧૩/૧૦/૨૦૧૫ | | |
| દાખલ તારીખ | : | ૧૩/૧૦/૨૦૧૫ | | |
| ફેંસલ તારીખ | : | ૧૮/૦૩/૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૧૦ | ૦૫ | ૦૫ |

# મે. જંબુસરના એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં. મુ. જંબુસર.

**ફોજદારી કેસ નંબર : ૧૩૮૬/૨૦૧૫**

**આંક :– ૧૧૧**

**ફરીયાદી :** શ્રી સરકાર,
કાવી પોલીસ સ્ટેશન,
તા. જંબુસર, જિ. ભરૂચ.

**વિરુધ્ધ.**

**આરોપી :**
(૧) કૌશીકભાઈ અરૂણભાઈ પટેલ,
ઉ. વ. પુખ્પ, ધંધો – ખેતી,
(૨) નિરંજનભાઈ મહેશભાઈ વલ્લભભાઈ પટેલ,
ઉ. વ. પુખ્ત, ધંધો – ખેતી,
(૩) મહેશભાઈ વલ્લભભાઈ પટેલ,
ઉ. વ. પુખ્ત, ધંધો – ખેતી,
(૪) રમણભાઈ વલ્લભભાઈ પટેલ,
ઉ. વ. પુખ્ત, ધંધો – ખેતી,
(૫) અરૂણભાઈ ડાહ્યાભાઈ પટેલ,

ઉ. વ. પુખ્ત, ધંધો – ખેતી,

(૬) ઉરેશભાઈ મહેશભાઈ વલ્લભભાઈ પટેલ,

ઉ. વ. પુખ્ત, ધંધો – ખેતી,

તમામ રહે. કંમ્બોઈ પટેલ, ખડકી,

તા. જંબુસર, જિ. ભરૂચ.

**ગુન્હો : ઈ.પી.કો. કલમ–૧૪૩,૧૪૭,૧૪૮,૩૨૩,૪૫૨,૩૫૪,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબ**

| | |
|---|---|
| // ફરીયાદી તરફે વિ. એ.પી.પી................ શ્રી વી.આર. પંચાલ // | |
| // આરોપીઓ તરફે વિ.વ................... શ્રી જે.એ.મિસ્ત્રી// | |

**:: જજમેન્ટ ::**

**(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકિકત :–**

ફરીયાદપક્ષની કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, તા. ૨૮/૦૪/૨૦૧૫ ના રોજ કલાક ૨૦:૦૦ વાગ્યાના સુમારે આ કામના ફરીયાદી બહેનના સસરા જેસંગભાઈ શંકરભાઈ પટેલ એ આ કામના આરોપી વિરૂઘ્ધ ખેતરમાં આવવા જવા માટેના રસ્તા બાબતે અરજી આપેલી તે રીષ અદાલવત રાખી આરોપી નં.૧, ૨ નાઓ ફરીયાદી બેહનના ઘરમાં ઘુસી જઈ સાહેદ જેસંગભાઈ તથા ફરીયાદીબેનના પતિ ઘનશ્યામભાઈને ગમે તેમ ગાળો બોલી ડાંગી તથા લાકડી વડે માર મારતા ફરીયાદી બહેન વચ્ચે છોડાવવા પડતા આરોપી નં. ૧ નાએ ફરીયાદીબેનની મેકસી પકડી નીચે પાડી દઈ તેના શરીર ઉપર બેસી જઈ, મેકસી ફાડી ઈજ્જત લેવાની કોશીશ કરેલ, તે દરમ્યાન આરોપી નં. ૩,૪,૫,૬ ના ઓ પાછળ આવી ફરીયાદીબેન તથા સાહેદોને ગમે તેમ ગાળો બોલી, એક સંપ થઈ હુમલો કરી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, એકબીજાની મદદગારી કરી મહે. જિલ્લા મેજી.શ્રીનાં

જાહેરનામાનો ભંગ કરી આરોપીઓએ ઈ.પી.કો. કલમ–૧૪૩,૧૪૭, ૧૪૮,૩૨૩,૪૫૨,૩૫૪,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યાનો આરોપ છે.

## (૨) પોલીસ કાર્યવાહી :–

આમ, ઉપરોકત હકિકત મુજબની ફરીયાદ ફરીયાદીએ કાવી પોલીસ સ્ટેશનમાં દાખલ કરતાં કાવી પો.સ્ટે. ગુ. ર. નં. ફર્સ્ટ ૧૨/૨૦૧૫ થી ગુનો દાખલ કરેલ, જે ફરીયાદના કામે તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપીઓ વિરુધ્ધની કાવી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલા ગુનાની સંપૂર્ણ તપાસ કરી, લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો મેળવીને તપાસના અંતે આ કામના આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા મળી આવતા ઈ.પી.કો. કલમ–૧૪૩,૧૪૭, ૧૪૮,૩૨૩,૪૫૨,૩૫૪,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબનાં ગુનાની ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે.

## (૩) કોર્ટ કાર્યવાહી :–

આ કામે ત. ક. અધિકારીશ્રી દવારા આરોપીઓ સામે અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યા બાદ આરોપીઓને સમન્સ કાઢવામાં આવતા આરોપીઓ તેમના વિધ્વાન વકિલશ્રી મારફત અદાલતની રૂબરૂ ઉપસ્થિત થતા આરોપીઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપ્યા બદલની ખાતરી કર્યા બાદ સદર ગુનો વોરંટ ટ્રાયેબલ હોય તે મુજબની કાર્યવાહી અપનાવવામાં આવેલ અને આરોપીઓ સામે **આંક–૦૩** થી તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવી સમજાવવામાં આવેલ અને આરોપીઓનું સ્ટેટમેન્ટ **આંક–૦૪ થી આંક–૦૯** મુજબ લેતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરેલો, જેથી સદર કામ પુરાવા પર રહેલ.

## (૪) ફરીયાદપક્ષનો પુરાવો

ફરીયાદપક્ષ તરફે પોતાનાં કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.

### મૌખીક પુરાવો

| ક્રમ | સાહેદ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી જાગૃતિબેન ઘનશ્યામભાઈ પટેલની જુબાની | ૮૪ |
| ૨ | સાહેદ જયંતીભાઈ ભગવાનભાઈ પટેલ જુબાની | ૯૮ |
| ૩ | પંચસાહેદ સુરેશભાઈ મોતીભાઈ પટેલની જુબાની | ૧૦૦ |
| ૪ | પંચસાહેદ શોકત મહંમદ દિવાનની જુબાની | ૧૦૧ |
| ૫ | પંચસાહેદ મહેન્દ્રભાઈ માધવભાઈ પટેલની જુબાની | ૧૦૩ |
| ૬ | પંચસાહેદ વસંતભાઈ પરષોત્તમભાઈ પટેલની જુબાની | ૧૦૪ |
| ૭ | સાહેદ ઘનશ્યામભાઈ જેસંગભાઈ પટેલની જુબાની | ૧૦૬ |
| ૮ | સાહેદ જેસંગભાઈ શંકરભાઈ પટેલની જુબાની | ૧૦૬ |

### દસ્તાવેજી પુરાવો

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| ૧ | અસલ ફરીયાદ | ૮૫ |
| ૨ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૯૯ |
| ૩ | રીકવરી પંચનામુ | ૧૦૨ |
| ૪ | શરીરસ્થિતીનું પંચનામું | ૧૦૫ |
| ૫ | મેડીકલ સર્ટીફીકેટ | ૧૦૮ |
| ૬ | જાહેરનામાની નકલ | ૧૦૯ |

આ સિવાય ફરીયાદપક્ષે કોઈ પુરાવો આપેલ નથી અને ફરીયાદપક્ષ તરફે આંક–૧૧૦ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખેલ છે તેનાં આધારે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

## (૫) બચાવપક્ષનો પુરાવો :–

આ કામે આરોપીઓનું સીઆર.પી.સી.ની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવા જેટલો પુરાવો ઉપલબ્ધ ન હોઈ, આરોપીઓનો વિશેષ જવાબ લેવામાં આવેલ નથી.

## (૬) દલીલો :–

સદર કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી પંચાલની તથા આરોપીઓ તરફે વિ. વ. જે.એ.મિસ્ત્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૭)** આ કામે ઉભય પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો, ફરીયાદ તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવો વંચાણે લેતા હાલનાં કેસનાં નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

**મુદ્દા નં.૧** :– શું ફરીયાદપક્ષ એ હકિકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૨૮/૦૪/૨૦૧૫ ના રોજ કલાક ૨૦:૦૦ વાગ્યાના સુમારે આ કામના ફરીયાદી બહેનના સસરા જેસંગભાઈ શંકરભાઈ પટેલ એ આ કામના આરોપી વિરૂધ્ધ ખેતરમાં આવવા જવા માટેના રસ્તા બાબતે અરજી આપેલી તે રીષ અદાલવત રાખી આરોપી નં.૧, ૨ નાઓ ફરીયાદી બેહનના ઘરમાં ઘુસી જઈ સાહેદ જેસંગભાઈ તથા ફરીયાદીબેનના પતિ ઘનશ્યામભાઈને ગમે તેમ ગાળો બોલી ડાંગી તથા લાકડી વડે માર મારતા ફરીયાદી બહેન વચ્ચે છોડાવવા પડતા આરોપી નં. ૧ નાએ ફરીયાદીબેનની મેકસી પકડી નીચે પાડી દઈ તેના શરીર ઉપર બેસી જઈ, મેકસી ફાડી ઈજ્જત લેવાની કોશીશ કરેલ, તે દરમ્યાન આરોપી નં. ૩,૪,૫,૬ ના ઓ પાછળ આવી ફરીયાદીબેન તથા સાહેદોને ગમે તેમ ગાળો બોલી, એક સંપ થઈ હુમલો કરી, જાનથી મારી નાંખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી મહે.

જિલ્લા મેજી.શ્રીનાં જાહેરનામાનો ભંગ કરી, આરોપીઓએ ઈ.પી.કો.કલમ– ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૨૩, ૪૫૨, ૩૫૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યો છે ?

**મુદ્દા નં.૨** :– શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

**–: નિર્ણયો :–**

**મુદ્દા નં. ૧** :– નકારમાં.

**મુદ્દા નં. ૨** :– આખરી હુકમ મુજબ

**–: કારણો :–**

**મુદ્દા નં.૧**

(૯) આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં સૌપ્રથમ ફરીયાદી જાગૃતિબેન ઘનશ્યામભાઈ પટેલને **આંક–૮૪** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, આ કામના તમામ આરોપીઓ તેમના ગામના હોઈ જેઓને તેઓ ઓળખે છે. આજ થી લગભગ સાતેક વર્ષ પહેલા અગાઉ સાંજના છ એક વાગ્યે તેઓ તેમના ઘરે હતા ત્યારે તેમના સસરા થ્રેસર રીપેરીંગ કરતા હતા આ સમયે કૌશિકભાઈ આવી તેમને પુછેલુ કે કયાં ગયા છે બધા ? તેઓ જવાબ આપે તે પહેલા તેઓએ તેમના સસરાને ઘરના વાડામાં બેસેલા જોયા. આથી આ કૌશિકભાઈ ગાળો બોલવા લાગેલા અને તેમના સસરાની ફેટ પકડી તેમને પાડી દીઘેલ અને તેમના સસરાની ઉપર બેસી ગયેલ અને તેમનુ ગળુ દબાવી દેવાનો કૌશિકભાઈએ પ્રયત્ન કરેલો ત્યારે તેઓ છોડાવવા માટે વચ્ચે પડેલા અને બંનેને છોડાવેલા. ત્યારબાદ કૌશીકભાઈ ત્યાંથી જતા રહેલા અને થોડીવાર બાદ

કૌશીકભાઈ તેમના કુટુંબના સભ્યો મહેશભાઈ, રમણભાઈ, ઉર્વેશભાઈ, નિરંજનભાઈ, અરૂણભાઈ તથા બીજા વીસ પચ્ચીસ માણસોને લઈને તેમના ઘરે આવેલા અને તેમને તથા તેમના પતિ અને સસરાને મારવા માટે દોડી આવેલા. આ સમયે કૌશીકભાઈએ તેમના સસરાના માથાના ભાગે ઈજા પહોંચાડેલી. બનાવના સંદર્ભમાં તેઓ કાવી પો.સ્ટે. માં ફરીયાદ આપવા માટે ગયેલા અને તેઓએ કાવી પો.સ્ટે.માં ફરીયાદ આપેલી. જે ફરીયાદ આ કામે આંક–૮૫ થી રજુ રાખેલ છે. જેમાં તેઓ તેમની સહી ઓળખી બતાવે છે. સદર ફરીયાદી ફરીયાદમાંની હકિકતોને સમર્થન આપતા ન હોય તેઓને વિ.એ.પી.પી. શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ત્યારબાદની વિ.એ.પી.પી.શ્રીની વિગતવારની ઉલટતપાસમાં પણ તેઓએ ફરીયાદમાંની હકિકતોનો ઈન્કાર કરેલ છે.

ત્યારબાદ તેઓ આરોપીઓનાં વિ. વ. શ્રીની ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, '' કંબોઈ ૬૦૦ માણસોની વસ્તી વાળુ ગામ છે. બનાવ ચોકકસ કઈ તારીખે અને કયાં બનેલો તે હાલ યાદી નથી. ૨૦૧૫ માં હાલની ફરીયાદવાળો બનાવ બન્યો તે સિવાય આજદિન સુધી બીજો કોઈ બનાવ બન્યો નથી. તેમનો મુળ ખેતરના રસ્તા બાબતેનો ઝઘડો છે. તેમને હાલ તેમના ખેતરમાં જવાનો રસ્તો નથી. તેઓ પાણી જવાના રસ્તા પર માટી મુકી રસ્તો બનાવી જાય છે. રસ્તો સરકારી જમીન પર બનાવેલ છે. આરોપી કૌશીક તેમના સસરા પર બેસી જઈ અને તેમનુ ગળુ દબાવવાનો પ્રયાસ કરેલો એવી હકીકત તેમની ફરીયાદમાં લખાવેલ નથી. જેસંગભાઈ શંકરભાઈ તેમના સસરા થાય છે, ઘનશ્યાનભાઈ તેમના પતિ થાય છે, અનિલભાઈ જેસંગભાઈ તેમના જેઠ થાય છે. બનાવ અંગે તેઓ બંને પક્ષકારો વચ્ચે સામસામી ફરીયાદ થયેલી. ઝઘડો અડધો કલાક જેટલો ચાલેલો. બનાવ તેમના ઘરના વાડામાં બનેલો. બનાવ સમયે રાત્રીનો સમય હતો. ઝઘડો થયો ત્યારે આરોપીઓના હાથમાં કોઈ હથિયાર ન હતુ. આરોપીઓએ કેવા પ્રકારની ગાળો

આપેલી તે તેઓને તેમની ફરીયાદમાં જણાવેલ નથી. બનાવ બનતા ટોળુ ભેગુ થઈ ગયેલુ. ''

**(૧૦)** આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં ગુનાવાળી જગ્યાનાં પંચનામાનાં પંચ સાહેદ જયંતીભાઈ ભગવાનભાઈ પટેલને **આંક–૯૮** થી તથા બીજા પંચ સાહેદ સુરેશભાઈ મોતીભાઈ પટેલને **આંક–૧૦૦** થી તપાસેલ છે, બન્ને પંચ સાહેદો તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, પોલીસે એક તૈયાર લખાણમાં તેઓની સહી લીધેલ. લખાણ તેઓએ વાંચેલ નહી કે તેઓને વાંચી સંભળાવવામાં આવેલ નહી. તેઓ પોલીસ સાથે બનાવવાળી જગ્યાએ ગયેલ નહી. તેઓને પંચનામાની ખરી નકલ બતાવવામાં આવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવતા હોય, પંચનામું **આંક–૯૯** થી રજુ કરવામાં આવેલ છે.

ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

**(૧૧)** ત્યારબાદ, ફરીયાદપક્ષે મુદામાલ રીકવરીનાં પંચનામાનાં પંચ સાહેદ શોકત મહંમદ દિવાનને **આંક–૧૦૧** થી તથા બીજા પંચ સાહેદ મહેન્દ્રભાઈ માધવભાઈ પટેલને **આંક–૧૦૩** થી તપાસેલ છે, બન્ને પંચ સાહેદો તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, પોલીસે એક તૈયાર લખાણમાં તેઓની સહી લીધેલ. લખાણ તેઓએ વાંચેલ નહી કે તેઓને વાંચી સંભળાવવામાં આવેલ નહી. તેઓ પોલીસ સાથે બનાવવાળી જગ્યાએ ગયેલ નહી. તેઓને પંચનામાની ખરી નકલ બતાવવામાં આવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવતા હોય, પંચનામું **આંક–૧૦૦** થી રજુ કરવામાં આવેલ છે.

ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

**(૧૨)** ત્યારબાદ, ફરીયાદપક્ષે શરીરસ્થિતીના પંચનામાનાં પંચ સાહેદ વસંતભાઈ પરષોત્તમભાઈ પટેલને **આંક–૧૦૪** થી તપાસેલ છે, સદર પંચ સાહેદ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, પોલીસે એક તૈયાર લખાણમાં તેઓની સહી લીધેલ. લખાણ તેઓએ વાંચેલ નહી કે તેઓને વાંચી સંભળાવવામાં આવેલ નહી. તેઓ પોલીસ સાથે બનાવવાળી જગ્યાએ ગયેલ નહી. તેઓને પંચનામાની ખરી નકલ બતાવવામાં આવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવતા હોય, પંચનામું **આંક–૧૦૫** થી રજુ કરવામાં આવેલ છે.

ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

**(૧૩)** ત્યારબાદ, ફરીયાદપક્ષે સાહેદ ધનશ્યામભાઈ જેસંગભાઈ પટેલને **આંક–૧૦૬** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તેઓને હાલમાં તારીખ યાદ નથી પરંતુ આજથી દશેક વર્ષ પહેલા લગભગ સાંજના ગાળામાં તેઓ તથા તેમના પિતા જેસંગભાઈ ઘર પાસેનુ થ્રેસર રીપેર કરી રહેલા હતા તેવામાં તેમના ગામનો કૌશીક અરૂણભાઈ પટેલ તમેના ઘરે તમેના ખેતરના રસ્તા બાબતે તેઓને કહેવા આવેલો તે બુમો પાડતો હોય ત્યાં ફળીયાના માણસો ભેગા થઈ ગયેલા ને ફળીયાના માણસો તેને સમજાવી રહેલા હતા તે દરમ્યાન ટોળુ હોય ટોળામાં નિરંજન પણ તેની સાથે આવેલો હોય તેને ધકકો વાગી ગયેલો અને તે નીચે પડી ગયેલો. નીચે પડતા ત્યાં નજીકમાં પડેલ પથ્થર તેને માથાના ભાગે વાગી જતા માથામાં લોહી નીકળેલુ. ટોળાના માણસો ત્યાં ઉભા હતા તેઓ પણ ત્યાં હાજર હતા. આ બનાવ બાબતે તેઓની પત્ની જાગૃતિ તથા નિરંજનના પિતા મહેશભાઈઓએ કાવી પો.સ્ટે.માં ફરીયાદ આપેલી. પોલીસે તે અંગે કાર્યવાહી કરેલી. બનાવ સમયે પક્ષકારો વચ્ચે ખેતરના શેઢાના રસ્તા બાબતે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશુ બનેલુ નહી. નિરંજનને ટોળામાં ધકકો વાગી જવાથી

પડી જવાથી ઈજા થયેલી. તેમના પિતા જેસંગભાઈને પણ ફળીયાના માણસો સમજાવવા આવતા તેઓ તે સમયે ધકકો વાગી જવાથી તેમને પણ કપાળ અને જમણી આંખ પર સામાન્ય ઈજાઓ થયેલી તે સિવાય કંઈ બનેલુ નહી. એ સિવાય કોઈ અન્યને કોઈ ઈજા થયેલી નહી. તેમના પિતાને બનાવના સમયે ઈજા થયેલ હોય, જેઓની તેઓએ કાવી સરકારી દવાખાને સારવાર કરાવેલી. આરોપીઓને તેઓ જોયેથી ઓળખી શકે. જે પૈકી આરોપીઓ નિરંજનભાઈ, મહેશભાઈ પટેલ, રમણભાઈ પટેલ, અરૂણભાઈ પટેલનાઓ નામ. કોર્ટમાં હાજર છે. જયારે આરોપી નં. ૧ કૌશીકભાઈ તથા આરોપી નં. ૬ ઉર્વેશભાઈ નામ. કોર્ટમાં હાજર નથી. સદર સાહેદ ફરીયાદપક્ષનાં કેસની હકિકતોને સમર્થન આપતા ન હોય તેઓને વિ.એ.પી.પી. શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ત્યારબાદની વિ.એ.પી.પી.શ્રીની વિગતવારની ઉલટતપાસમાં પણ તેઓએ નિવેદનમાંની હકિકતોનો ઈન્કાર કરેલ છે.

ત્યારબાદ તેઓ આરોપીના વિ. વ. શ્રીની ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, બનાવ સમયે ટોળુ ભેગુ થઈ ગયેલુ. ખેતરના રસ્તા બાબતે તેઓને તથા આરોપીઓને સામાન્ય બોલાચાલી થયેલી. બનાવ સમયે આરોપીના હાથમાં હથિયાર હોય અને તે હથિયારથી તેમને તથા તેમના પિતા અને તેમની પત્નીને કોઈ ઈજા થયેલ હોય તેવુ બનેલ નથી. આ બનાવ બાદ તેઓને અન્ય કોઈ બનાવ બનેલ નથી. તેઓને ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે.

**(૧૪)** ત્યારબાદ, ફરીયાદપક્ષે સાહેદ જેસંગભાઈ શંકરભાઈ પટેલને **આંક–૧૦૭** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, જાગૃતિબેન તેમના પુત્ર ઘનશ્યામભાઈની પત્ની થાય છે. તેઓને હાલમાં તારીખ

યાદ નથી પરંતુ આજથી દશેક વર્ષ પહેલા લગભગ સાંજના ગાળામાં તેઓ તથા તેમના ઘર પાસેનુ થ્રેસર રીપેર કરી રહેલા હતા તેવામાં તેમના ગામનો કૌશીક અરૂણભાઈ પટેલ તેમના ઘરે તેમના ખેતરના રસ્તા બાબતે તેઓને કહેવા આવેલો તે બુમો પાડતો હોય ત્યાં ફળીયાના માણસો ભેગા થઈ ગયેલા ને ફળીયાના માણસો તેને સમજાવી રહેલા હતા તે દરમ્યાન ટોળુ હોય ટોળામાં નિરંજન પણ તેની સાથે આવેલો હોય તેને ધકકો વાગી ગયેલો અને તે નીચે પડી ગયેલો. નીચે પડતા ત્યાં નજીકમાં પડેલ પથ્થર તેને માથાના ભાગે વાગી જતા માથામાં લોહી નીકળેલુ. ટોળાના માણસો ત્યાં ઉભા હતા તેઓ પણ ત્યાં હાજર હતા. આ બનાવ બાબતે તેઓની પત્ની જાગૃતિ તથા નિરંજનના પિતા મહેશભાઈઓએ કાવી પો.સ્ટે.માં ફરીયાદ આપેલી. પોલીસે તે અંગે કાર્યવાહી કરેલી. બનાવ સમયે પક્ષકારો વચ્ચે ખેતરના શેઢાના રસ્તા બાબતે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશુ બનેલુ નહી. નિરંજનને ટોળામાં ધકકો વાગી જવાથી પડી જવાથી ઈજા થયેલી. તેઓને પણ ફળીયાના માણસો સમજાવવા આવતા તેઓ તે સમયે ધકકો વાગી જવાથી તેમને પણ કપાળ અને જમણી આંખ પર સામાન્ય ઈજાઓ થયેલી તે સિવાય કંઈ બનેલુ નહી. એ સિવાય કોઈ અન્યને કોઈ ઈજા થયેલી નહી. તેમને બનાવના સમયે ઈજા થયેલ હોય, જેઓની તેઓએ કાવી સરકારી દવાખાને સારવાર કરાવેલી. આરોપીઓને તેઓ જોયેથી ઓળખી શકે. જે પૈકી આરોપીઓ નિરંજનભાઈ, મહેશભાઈ પટેલ, રમણભાઈ પટેલ, અરૂણભાઈ પટેલનાઓ નામ. કોર્ટમાં હાજર છે. જયારે આરોપી નં. ૧ કૌશીકભાઈ તથા આરોપી નં. ૬ ઉર્વેશભાઈ નામ. કોર્ટમાં હાજર નથી. સદર સાહેદ ફરીયાદપક્ષનાં કેસની હકિકતોને સમર્થન આપતા ન હોય તેઓને વિ.એ.પી.પી. શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ત્યારબાદની વિ.એ.પી.પી.શ્રીની વિગતવારની ઉલટતપાસમાં પણ નિવેદનમાંની હકિકતોનો ઈન્કાર કરેલ છે.

ત્યારબાદ તેઓ આરોપીના વિ. વ. શ્રીની ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, બનાવ સમયે ટોળુ ભેગુ થઈ ગયેલુ. ખેતરના રસ્તા બાબતે તેઓને તથા આરોપીઓને સામાન્ય બોલાચાલી થયેલી. બનાવ સમયે આરોપીના હાથમાં હથિયાર હોય અને તે હથિયારથી તેમને તથા તેમના પુત્ર અને પુત્રવધુને કોઈ ઈજા થયેલ હોય તેવુ બનેલ નથી. આ બનાવ બાદ તેઓને અન્ય કોઈ બનાવ બનેલ નથી. તેઓને ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે.

**(૧૫)** ઉપરોકત મુજબનાં રેકર્ડ ઉપરનાં પુરાવાની વિ. વ. શ્રીઓની દલીલ સાથે ચર્ચા કરતા સૌ પ્રથમ બનાવ વખતે તા. ૨૮/૦૪/૨૦૧૫ ના રોજ કલાક ૨૦:૦૦ વાગ્યાના સુમારે આ કામના ફરીયાદી બહેનના સસરા જેસંગભાઈ શંકરભાઈ પટેલ એ આ કામના આરોપી વિરૂધ્ધ ખેતરમાં આવવા જવા માટેના રસ્તા બાબતે અરજી આપેલી તે રીષ અદાવત રાખી આરોપી નં.૧, ૨ નાઓ ફરીયાદી બેહનના ઘરમાં ઘુસી જઈ સાહેદ જેસંગભાઈ તથા ફરીયાદીબેનના પતિ ઘનશ્યામભાઈને ગમે તેમ ગાળો બોલી ડાંગી તથા લાકડી વડે માર મારતા ફરીયાદી બહેન વચ્ચે છોડાવવા પડતા આરોપી નં. ૧ નાએ ફરીયાદીબેનની મેકસી પકડી નીચે પાડી દઈ તેના શરીર ઉપર બેસી જઈ, મેકસી ફાડી ઈજ્જત લેવાની કોશીશ કરેલ, તે દરમ્યાન આરોપી નં. ૩,૪,૫,૬નાઓ પાછળ આવી ફરીયાદીબેન તથા સાહેદોને ગમે તેમ ગાળો બોલી, એક સંપ થઈ હુમલો કરી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, એકબીજાની મદદગારી કરી સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા પહોંચાડી ઈજાઓ કરેલ કે કેમ ? તે બાબતે ચર્ચા કરવામાં આવે તો હાલનાં કામે **આંક–૯૯** થી રજુ ગુનાવાળી જગ્યાનાં પંચનામાનાં પંચ સાહેદોને **આંક–૯૮ અને આંક–૧૦૦ થી** તથા **આંક–૧૦૨** થી રજુ મુદામાલ રીકવરીનાં પંચ સાહેદને **આંક–૧૦૧ અને ૧૦૩** થી તપાસવામાં આવેલ છે તથા **આંક–૧૦૫**

થી રજુ શરીરસ્થિતીના પંચસાહેદને **આંક–૧૦૪** થી સદર પંચનામાનાં પંચ સાહેદો તૈયાર લખેલ કાગળમાં સહી કરેલ હોવાની અને તેઓની હાજરીમાં પંચનામાની કાર્યવાહી થયેલ ન હોવાની હકિકત જણાવે છે. આમ, સદર પંચનામાઓ ફરીયાદપક્ષ ધોરણસર રીતે પુરવાર કરી શકેલ નથી. વધુમાં, હાલના કામે બચાવપક્ષની સંમતિથી ફરીયાદીનું મેડીકલ પ્રમાણપત્ર કે જે રેકર્ડ પર **આંક–૧૦૮** થી રજુ છે તે ધ્યાને લેવામાં આવે તો આ કામના ફરીયાદીને બનાવ સમયે રજુ સારવાર પ્રમાણપત્રમાં જણાવ્યા મુજબની ઈજાઓ થયેલ હોવાનું જણાવવામાં આવેલ છે, પરંતુ આ કામના ઈજા પામનાર ફરીયાદી તથા સાહેદનાં કહેવા મુજબ બનાવ સમયે ટોળુ થવાથી ધકકા–મુકકીમાં પડી જવાથી ફરીયાદીને ઈજાઓ થયેલ હોવાનું ફલિત થાય છે. વધુમા હાલનાં કામે ઈજા પામનાર ફરીયાદી તથા બનાવ સમયે હાજર સાહેદનો પુરાવો અગત્યનો અને મહત્વનો છે, પરંતુ આ કેસમાં ઈજા પામનાર ફરીયાદી તથા નજરે જોનાર સાહેદ ખુદ ફરી ગયેલ સાહેદો જાહેર થયેલ છે અને બનાવની હકિકતોને સમર્થન કરેલ નથી. બનાવના કામે ઈજા પામનાર ફરીયાદી તથા બનાવ સમયે હાજર સાહેદ તેમની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં ફરીયાદ તથા બનાવની હકિકતોને નકારી કાઢેલ છે અને માત્ર સામાન્ય બોલાચાલી થયેલી અને ટોળુ થવાનાં કારણે ધકકા–મુકકીમાં પડી જવાથી ફરીયાદીને ઈજા થયાની હકિકત જણાવેલ છે. આમ, ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સદર ઉપર નોંધ્યા મુજબના બનાવના કામે ઈજા પામનાર ફરીયાદી તથા સાહેદ તેમની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદ તથા ફરીયાદપક્ષનાં કેસની હકિકતોને સમર્થન નહીં કરતા સરકાર તરફે વિ. એ.પી.પી.શ્રીએ આ ઈજા પામનાર ફરીયાદી તથા સાહેદને ફરી ગયેલ સાહેદ જાહેર કરી ઉલટતપાસ કરેલ છે તેમ છતાં ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવો કોઈ જ પુરાવો આપેલ નથી અને સરતપાસની હકિકતોને વળગી રહેતા આરોપીએ કોઈ ઈજા

કરેલાની હકિકત જણાવતા નથી તે સંજોગોમાં બનાવમાં માત્ર સામાન્ય બોલાચાલી થયેલાનું અને ટોળુ થવાનાં કારણે ધકકા-મુકકીમાં પડી જવાથી ફરીયાદીને ઈજા થયાનું જણાય છે.

વધુમાં ફરીયાદી તથા સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં કબુલ કરે છે કે, આરોપી કૌશીક જેસંગભાઈનુ ગળુ દબાવવાનો પ્રયાસ કરેલો એવી હકીકત ફરીયાદમાં લખાવેલ નથી. ઝઘડો થયો ત્યારે આરોપીઓના હાથમાં કોઈ હથિયાર ન હતુ. આરોપીઓએ કેવા પ્રકારની ગાળો આપેલી તે તેઓને તેમની ફરીયાદમાં જણાવેલ નથી. બનાવ બનતા ટોળુ ભેગુ થઈ ગયેલુ. ખેતરના રસ્તા બાબતે તેઓને તથા આરોપીઓને સામાન્ય બોલાચાલી થયેલી. બનાવ સમયે આરોપીના હાથમાં હથિયાર હોય અને તે હથિયારથી તેઓએ કોઈ ઈજા થયેલ હોય તેવુ બનેલ નથી. આ બનાવ બાદ તેઓને અન્ય કોઈ બનાવ બનેલ નથી.

આમ, બનાવ તારીખે, સમયે અને સ્થળે ઉપરોકત જણાવ્યા મુજબનો ગુનો આરોપીઓએ કરેલ હોવાની ફરીયાદીની ફરીયાદ હકિકતને ફરીયાદી કે નજરે જોનાર સાહેદોના પુરાવાથી સમર્થન મળતુ ન હોય, જેથી ફરીયાદપક્ષ શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય આરોપીઓને ઈ.પી.કો. કલમ-૧૪૩, ૧૪૭,૧૪૮,૩૨૩,૪૫૨,૩૫૪,૧૧૪ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૬)** હવે ઈ.પી.કો. કલમ-૫૦૪ બાબતે ફરીયાદપક્ષનાં કેસની હકિકત ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીની ફરીયાદ મુજબ આ કામનાં આરોપીઓએ ફરીયાદીને ગાળો બોલેલાની હકિકત ફલીત થાય છે, પરંતુ ફરીયાદપક્ષે તપાસેલ ફરીયાદીની સોગંદ ઉપરની જુબાનીનું ઝીણવટપૂર્વક મુલ્યાંકન

કરી વંચાણે લેવામાં આવે તો આરોપીઓએ ફરીયાદીને કોઈ ગાળો બોલેલ હોય તેવી કોઈ હકિકત જણાવેલ નથી. આમ, આરોપીઓ દવારા ગાળો આપેલ તેમાં શું શબ્દો બોલેલા તે રેકર્ડ ઉપર આવતું નથી. ઈ.પી.કો. કલમ-૫૦૪ નાં આવશ્યક તત્વો જોતા ખરેખર આરોપી કયાં શબ્દો ગાળોમાં બોલેલા અને તેનાં કારણે ફરીયાદીને ઉશ્કેરાટનું કારણ મળેલ હોય કે જાહેર શાંતિનો ભંગ થયેલ હોય તેવું રેકર્ડ ઉપર આવતું નથી. આ તબકકે <u>નામ. ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૭(૧) જી. એલ. એચ. ૩૩૭ પર પ્રસિધ્ધ પ્રવિણભાઈ બેચરભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત</u>નાં ચુકાદામાં જે તારણો નોંધવામાં આવેલ છે તે ધ્યાનમાં લેતા હાલનાં કામે ઈ. પી. કો. કલમ-૫૦૪ મુજબનાં તત્વો સંતોષાતા નથી કે આરોપીઓને તે સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

વધુમાં, આરોપીઓ સામે જાનથી મારી નાંખવાની ધમકી આપવાનો આક્ષેપ છે તે બાબતે રેકર્ડ જોવામાં આવે તો ફરીયાદીએ તેમની ફરીયાદમાં આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપેલી તેમ જણાવેલ છે, પરંતુ આરોપીઓ દવારા કયા ચોકકસ શબ્દોમાં શું ધમકી આપેલી તેવી કોઈ હકિકત જણાવેલી નથી. વધુમાં તપાસેલ ફરીયાદીનો પુરાવો જોવામાં આવે તો, આરોપીઓએ કોઈ ધમકી આપેલાની હકિકત જણાવેલ નથી તેમ છતા હાલનાં તબકકે એવું અનુમાન કરવામાં આવે કે આરોપીએ ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપી કોઈ કામ કરવાનું કહેલ તો તે સંજોગોમાં આરોપીઓની ધમકીનાં કારણે ફરીયાદીને ખરેખર ભયની ઘંટડી બજતી હોય તેવું લાગ્યુ હતું કે કેમ ? અને તેઓની ઉપર ધમકીની કોઈ અસર હતી કે કેમ ? તેમજ તે ધમકીની અસર હેઠળ તેઓએ કોઈ કૃત્ય કે કાર્યલોપ કરેલ કે કેમ ? તે પણ સાબીત થવું જોઈએ, પરંતુ સમગ્ર રેકર્ડ જોતા તેવી કોઈ હકિકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. વધુમાં ફરીયાદી તેમનાં પુરાવામાં આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય

તેવું બનેલ ન હોવાનું જણાવેલ છે. જેથી આ કામનાં આરોપીઓને ઈ. પી. કો. કલમ–૫૦૬(૨) મુજબનાં ગુના સબબ પણ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૭)** આમ, ફરીયાદપક્ષ હાલનાં ગુનાનાં મુખ્ય આવશ્યક તત્વો પુરવાર કરી શકેલ નથી તથા બનાવ તારીખે, સમયે અને સ્થળે આરોપીઓએ ફરીયાદીને હથિયાર વડે ઈજા કરેલાની કે ફરીયાદીને ગાળો આપેલાની કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલાની કે એકબીજાની મદદગારી કરેલ હોવાની હકિકત શંકાથી પર પુરવાર થતી નથી તે સંજોગોમાં આ કામે ફરીયાદપક્ષે અન્ય સાહેદોને તપાસવામાં આવે અને તેઓ ફરીયાદપક્ષનાં કેસને સંપૂર્ણ સમર્થન કરે તો પણ ફરીયાદપક્ષનાં મુખ્ય સાહેદનાં સોગંદ ઉપરનાં પુરાવાનાં વિરોધાભાષને કારણે ફરીયાદપક્ષનાં કેસ પ્રત્યે શંકા ઉત્પન્ન થાય તેમ છે અને ક્રિમિનલ જયુરીસપ્રુડન્સના પાયાના સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવાનો હોય છે અને આરોપીએ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીને લાભ મળવા પાત્ર છે તે ઘ્યાને લેતા અન્ય સાહેદોને તપાસવામાં આવે અને ફરીયાદપક્ષનાં કેસન સંપૂર્ણપણે સમર્થન કરે તો પણ ફરીયાદપક્ષનાં કેસનાં ગુણદોષમાં કોઈ ફેર પડે તેમ ન હોય તે સાહેદોને તપાસવામાં આવેલ નથી. આમ, ફરીયાદપક્ષ પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય તે રીતે **મુદ્દા નં. ૧** નો જવાબ ''**નકારમા**'' ઠરાવી મુદા નં. ૨ પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

**(૧)** આ કામનાં આરોપી નં. (૧) કૌશીકભાઈ અરૂણભાઈ પટેલ, ઉ. વ. પુખ્પ, ધંધો – ખેતી, (૨) નિરંજનભાઈ મહેશભાઈ વલ્લભભાઈ પટેલ, ઉ. વ. પુખ્ત,

ધંધો – ખેતી, (૩) મહેશભાઈ વલ્લભભાઈ પટેલ, ઉ. વ. પુખ્ત, ધંધો– ખેતી, (૪)રમણભાઈ વલ્લભભાઈ પટેલ, ઉ. વ. પુખ્ત, ધંધો–ખેતી, (૫) અરૂણભાઈ ડાહ્યાભાઈ પટેલ, ઉ. વ. પુખ્ત, ધંધો–ખેતી, (૬) ઉરેશભાઈ મહેશભાઈ વલ્લભભાઈ પટેલ, ઉ. વ. પુખ્ત, ધંધો–ખેતી, તમામ રહે. કંમ્બોઈ પટેલ, ખડકી, તા. જંબુસર, જિ. ભરૂચનાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કોડની કલમ–૧૪૩,૧૪૭, ૧૪૮,૩૨૩,૪૫૨,૩૫૪,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબનાં ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે રજુ મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદદામાલ વાંસની લાકડીઓનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**(૩)** સી. આર. પી. સી. કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીઓના જામીન તથા જાત મુચકરો અપીલના સમયે માટે લંબાવી આપવા અથવા જો જામીનદાર ઉપલબ્ધ ન હોય તો દરેક આરોપીએ અપીલના સમય માટે રૂા. ૧૦,૦૦૦/– નાં નવા જામીન તથા એટલી જ રકમનો જાત મુચરકો આપવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ **તારીખ : ૧૮ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા. ૧૮/૦૩/૨૦૨૬<br>સ્થળ : જંબુસર | **( એ. ડી. રાવ )**<br>એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, જંબુસર.<br>કોડ નં. જી.જે. ૦૧૪૮૦ |